# શિશુ--કેળવણી.

## ભાગ ૧ લો.

રચીને પ્રસિદ્ધ કરનાર જામનગર નિવાસી;
**કેશવજી વિ. હીરજી તથા**
**મોતીચંદ વિ. હીરજી ઠક્કર.**

દોહરા.

સુજ્ઞ જનોને વીનવું, કરી પ્રેમથી પ્રણામ,
કેળવણી બહુ પામવા, ખચિત રાખવી હામ. ૧
જીંદગાનિ પણ લેખવી, કેળવણી વિન ફોક,
કહી ગયા કવિઓ ઘણા, કહે જુઓ આ લોક. ૨
અવતરીયા અવનિ પરે, લક્ષાધી પતિ લોક,
કહે મોતીચંદ પ્રિતથી, કેળવણી વિન શોક. ૩

પ્રથમાવૃતી—પ્રત ૫૦૦
**નડિયાદ "સત્યસાગર" પ્રેસ**

સને ૧૮૮૯—સંવત ૧૯૪૫
**કિમ્મત ૦-૩-૬**

# શિશુ--કેળવણી.

## ભાગ ૧ લો.

રચીને પ્રસિદ્ધ કરનાર જામનગર નિવાસી;
**કેશવજી વિ. હીરજી તથા**
**મોતીચંદ વિ. હીરજી ઠક્કર.**

દોહરા.

સુજ્ઞ જનોને વીનવું, કરી પે'લા પ્રણામ,
કેળવણી બહુ પામવા, ખચિત રાખવી હામ. ૧
જીંદગાનિ પણ લેખવી, કેળવણી વિન ફોક,
કહી ગયા કવિઓ ઘણા, કહે જુઓ આ લોક. ૨
અવતરીયા અવનિ પરે, લક્ષાધી પતિ લોક,
કહે મોતીચંદ પ્રિતથી, કેળવણી વિન શોક. ૩

પ્રથમાવૃતી-પ્રત ૫૦૦
**નડિયાદ "સત્યસાગર" પ્રેસ**
સને ૧૮૮૯—સંવત ૧૯૪૫
**કિમ્મત ૦-૩-૬**

# અર્પણ પત્રિકા.

## મહેરબાન કહાનજીભાઈની પવીત્ર સેવામાં.

આપનું મન બાળકોને કેળવણી આપવામાં નિશદિન

ચોંટેલું છે, ને હમેશાં મારી સામે નિર્મળ

પ્યારથી વર્તી ઉત્કંઠા ધરાવોછો, ને આ

પની આનંદીવૃત્તિછેમાટે આ પુસ્તક-

ની અંદર આપનું નામ અગર

કરવામાં મોટી શોભાસમજુંછું.

ને આપનેજ આ લઘુ પુસ્તક

પ્રેમ પૂર્વક અર્પણ કરૂં

છું તે સ્વીકારશો

એવીઆશા

રાખુંછું.

લી. આપનો આજ્ઞાંકિત શેવક.

## હરીગીત વૃત.

બહુ સુખ રહો બહુ સુખ રહો, દિલ હર્ષવાળા કહાનજી,
પુસ્તક રચાવવા—પ્રેમથી, દરશાવિયો અતિ પ્યારજી;
નિજ દેશી જન સુખિયા થશે કયમ! દીર્ઘ દ્રષ્ટિ ઉરમાં કરી,
પે'લા સુધારવા બાળને, તમે ખંતથિ આ શ્રમ કરી. ૧.
અતિ મીલન સારી, દિલ ઉદારી, ધર્યને ધર્મેશ છે,
ગંભીર ગુણ સંપન્ન સદા, વિદ્વાન જન કહે બેશ છે;
જન સુજ્ઞનો સત્કાર સારો, ભાવથી કરનાર છે,—
ગૂણી અને દુર્ગુણી જનનો, તોલ પણ કરનાર છે; ૨.
બહુ માનને મોટાઇ તમને, સજ્જન આપે છે ઘણા,
જન એહના હિતકાર્યમાં તમે, રાખી નહિ કાંઇ મણા;
ઉત્સાહને અતિ ખંતથી, તમે કામ કરીયાં છે ઘણાં,
ધન્ય ધન્ય કહું હું એહને, જે સિંધુ છે સદ્ગુણ તણા. ૩
જન દાન દે છે દીનને, પણ સદા કાળ નભતું નથી,
આ અમર દાન દેવા તમે, દિલમાં બહુ કરૂણા મથી;
વિદ્યાતણું આ દાન છે તે, દામથી અધિકું ગણો,
કહે મોતી સૌ સ્નેહે કરી, જયકાર બોલો તે તણો.

## દોહરો.

ઉત્તમ જ્ઞાતિ છે એહની, વડનગરા કે'વાય,
ગ્રહસ્થ ઘર એતું ખરે, ત્રવાડિથી ઓળખાય. ૧
નાગર બ્રાહ્મણ નમ્ર એ, હસતું મૂખ હમેશ,
સુત જટાશંકર તણા, હું૫દ નમળે ક્લેશ.

# પ્રસ્તાવના.

શિશુ કેળવણી એટલે બાળકોને નાનપણથી કેવી રીતે કેળવવાં ? કે જેથી કરી મોટાપણે સંસાર વ્યવહારનાં કામો કરવાને શક્તિવાન થઇ શકે એ વિષે મેં મારી અલ્પ બુદ્ધિથી આ પુસ્તકની અંદર વિવેચન કરેલું છે માટે સુજ્ઞ વાંચનારાઓ હંસ ચાતુરી મુજબ તત્વ બાબત ગ્રહણ કરી સુધારો વધારો કરી બતાવવા કૃપા કરશો.

હાલ આપણા દેશમાં દિવસે દિવસે વિદ્યાનો વધારો થતો જાય છે અને ઘણી ખરી સરકારી નિશાળોમાં માનસિક. (મનની ) અને શરીરની સારી કેળવણી અપાતી હોય એમ જણાય છે કેમકે ઘણા ખરા વિદ્વાનોએ તે વિષે પુસ્તકો રચીને પ્રગટ કર્યા છે; ને હજુએ પ્રગટ થતાં જોવામાં આવે છે તો પણ કેટલાક લોકો પોતાનાં બાળકોને ભણાવવાની બિલકુલ ના પાડે છે ને કદાપિ ભણાવતાં હશે તો છોકરાને તે પણ સંપૂર્ણ નહિં તેથી કરી કેળવણીમાં ખામી આવે છે, અને તેજ કારણથી મોટપણે દુઃખ પામે છે. માટે સર્વે બાળકોનાં માબાપને મારી એ વિનંતિ છેકે સ્ત્રી અને પુરૂષ એ બંન્નેને સંપૂર્ણ કેળવણી અપાવવી જોઇએ. એવા હેતુથી મેં આ પુસ્તક રચ્યું છે.

વળી કોઇ એમ કહેશે કે શિશુ કેળવણી નામ પાડી માંહે બીજા વિષયો નાંખવાનું શુ કારણ ? પરંતુ તેના જવાબમાં એટલી વિનંતી કરવાની જે આ પુસ્તકની અંદરના વિષય છોકરાંઓના માબાપના વાંચવામાં આવે; કે જેથી તેમને દુર્ગુણથી દૂર રાખવા પ્રયત્ન કરે એવો બીજા વિષયો નાંખવાનો મુળ હેતુ છે.

આ આખું પુસ્તક વાંચવાની રમુજ પડે માટે ગદ્ય અને પદ્યમાં રચેલછે ને પુસ્તક રચવાનો મારો પ્રથમનો યત્ન છે માટે તેમાં ભુલચુક હોય તેની સુજ્ઞપાસે માફ માગું છું.

# કેળવણી આપવામાં બાળકોનાં માબાપને સુચના.

---

હે સર્વ બાળકોનાં માતપિતા ! હું આપના પ્રત્યે નમ્રભાવે એક હિતકારક ઉપદેશ આપવાનો પ્રારંભ કરૂંછું. તે તમારે દરેકને અવશ્ય ધ્યાનમાં લેવા જોગ છે. જો કે હું આપને ઉપદેશ આપવાને યોગ્ય થયો નથી તો પણ આ બાળકોને કેળવવાનો વિષય મેં હાથમાં ધરેલો હોવાથી, આપની પોતાનાં બાળકો પ્રત્યે શીશી ફરજ છે; તે ઉત્સાહ પૂર્વક વિદ્વાન પુરૂષોનાં પ્રમાણ વચનોનો આધાર લઈને આપ સર્વ સમજુ પુરૂષોની સામે અલ્પ પણ ઉત્તમ બોધ કહેવાની ઈચ્છા રાખુછું. આશા છે કે આપ સર્વ સજજનો, તે વચનોને આપના અંતઃકરણમાં આનંદિત થઇ ધારણ કરશો.

આ નાનાં પુસ્તકમાં વિદ્યા સંપાદન કરવા સંબંધી હરવખત ઉપદેશ થશે, અને એ ઉપદેશના ગ્રાહક થવું એ સૌને માટે ઉચિત્ વાત છે; પરંતુ તે વિદ્યા રૂપી રત્ન (કેળવણી પામેલા માણસરૂપી ) સુવર્ણ સાથે જડેલ હોય તોજ તે સાર્થક થઈ દિપાયમાન લાગેછે; પણ તે રત્ન (કેળવણી વિનાના માણસરૂપી ) કથીરમાં જડેલ હોય તો તે બીનઉપયોગી થઈ સમુળગું શોભતું નથી, ને વિદ્યાજેવું અમુલ્ય રત્ન નિષ્ફળ જાય છે; માટે સૌએ મુખ્યત્વે કેળવણી લેવી જોઇએ; અને ઉગતાં બાળકોને કેળવણી દેવી તેથી

તેઓની વિદ્યા સફળ થશે અને તેથીજ આ દુનિઆંમાં સુકીર્તિનો ફેલાવો કરી, પ્રખ્યાતી મેળવી સંસાર વ્યવહાર-માં શ્રેષ્ઠ સુખના પાત્ર થશે; માટે ખરી કેળવણી મેળવવી એજ માણુસનું મુખ્ય કામ છે.

હવે કેળવણી એટલે શું ? તેનું વિવેચન હું કરૂંછું.

કેળવણી એટલે મનુષ્યનાં શરીર અને મનની પૂર્ણ ઉન્નતિ કરવી. સારી કેળવણીમાં મનુષ્યે પોતાનું શરીર કેવી રીતે કવાયદમાં લેવાથી તથા કેમ વર્તવાથી શરીર સુખમાં રહે; યુદ્ધ આદિ મ્હેનતવાળાં કામમાં નિર્વિઘ્ને ફતેહ મેળવી કેવી રીતે લાયક થવાય; એ વિચાર લઈ તેવા પ્રકારે કેળવવું, અને તે વિચાર લેવામાં માનસિક કેળવણી-ની પુરી જરૂર છે; કેમકે શરીરના ઉપર મન તથા આત્મા-નો મોટો પ્રવાહ તથા આધિપત્ય રહેલું છે; તે નિયમ પ્ર-માણે માનસિક વૃત્તિને કેળવ્યાથી શરીરની તંદુરસ્તી રહે છે; માટે સર્વ વૃદ્ધિને પોતપોતાના વિષયમાં યોગ્ય રીતે લ-ગાડવી; એ તંદુરસ્તીની રક્ષાને માટે વિશેષ જરૂરનું છે; અને તેથી એટલે બુદ્ધિ વૃત્તિને કેળવ્યાથી આયુષ્યની પણ વૃદ્ધિ થાય છે. કારણ કે પ્રાચીન કાળમાં સર્વ ભાગમાં જે જે વિદ્વાન મનુષ્યોએ દિર્ઘાયુષ ભોગવેલ, એમ પુરાણો ઉપ-રથી સાંભળવામાં આવે છે; તેનું ખરૂં કારણ તપાસતાં પણ માનસિક યા બુદ્ધિ વૃદ્ધિનું મુખ્ય પ્રબલ જોવામાં આ-વે છે; માટે માનસિક કેળવણીથી શરીરને અપાર ફાયદા છે; તેમજ જગત્માં સર્વોત્તમ સુખ અને સુપ્રતિષ્ઠા પણ માન-સિક કેળવણીથી થાય છે; પણ જો વિદ્યા, વિવેક, ચાતુરી,

સભ્યતા, ઉદારતા, સૌજન્યતા, હુન્નર, કળા, કૌશલ્ય, અને શીલતાયુકત વાક્ય કે જેથી સારા માણસની પ્રીતિનું આકર્ષણ કરે, એવા એવા અતિશ્રેષ્ટ સદ્ગુણો જે માણસની મનોવ્રત્તિએ પોતાનામાંજ આરોપણ કરેલ હોય તે મનોવૃત્તિનેજ માનસિક કેળવણી કહેવામાં કંઇ શકજેવું નથી, અને ઉપર મુજબ સારી કેળવણીમાં જોઇતા, તથા માનસિક કેળવણીમાં જોઈતા સદ્ગુણો જે મનુષ્યોમાં હોય તેણેજ ખરી કેળવણી મેળવેલ છે, એમ કહેવામાં કંઈ હરકત નથી. માટે એ બાબતનું વિવેચન વધારે લંબાણથી લખવું દુરસ્ત ધારતો નથી. કેમકે એ ઉમેદને પુરી કરવાનું કામ તમારૂં છે માટે આપને ઉચિત્ છે કે પ્રથમ પોતાનાં બાળકોને સારી રીતે કેળવવા માટે ધ્યાન આપવું જોઇએ.

## ગીતિ.

પ્રથમ બાળની શાળા, માત પિતાનાં સદ્વચનો માનો;
માત પિતા જો દાનાં, બાળ તેમનો સહાય છે દાનો. ૧
માટે માત પિતાએ, સદાચરણમાં વરતી સુખ લેવું;
કડવું પણ હિત કરતા, નમ્રવચન ક્ષણક્ષણ શિશુને કેવું. ૨

આ બે ગીતિને અનુસરીને માતપિતા પોતાનાં બાળકો પ્રત્યે જો ચાલે તો, અવસ્ય લખવા વાંચવા સિવાય સદાચારનો ભાગ શીખવાની નિશાળમાં તે બાળકોને જરૂર રહેતી નથી, અર્થાત્ સદ્ગુણ મેળવવાનું સાધન બાળકોને તો માબાપનાં હિતકારક વચનો સિવાય બીજું નથી; એક કવિએ કહ્યું છેકે—

## દોહરો.

ભલો તજે ન ભલાઇને, બુરો તજે ન બુરાઇ,

ગયો ન કોઇ નિશાળમાં, ભણવા ભલમનસાઇ,

આ અમુલ્ય દુહો કેવો ઉપદેશ કરે છે! તે કહે છે કે ભલો ભલાઈ છોડતો નથી, અને બુરો બુરાઈ છોડતો નથી કારણ કે ભલાઈ કે બુરાઇ નાનપણથીજ સોબતવડે બાળકોનાં ચિત્તમાં જે ઠસી જાય છે તે મોટપણે નીકળતી નથી મતલબ કે ભલમનસાઇ નિશાળમાં ભણવાથી આવતી નથી પણ કુળવાન માતપિતાની વર્તણુંક જોઈને બાળકો ભલમનસાઇ શીખે છે, માટે પ્રથમ બાળકોની નિશાળ માતપિતા તરફથી બાળકોને અપાતી બોધરૂપી રૂડી કેળવણીછે.

૨ વિદ્યા એક અમુલ્ય દ્રવ્ય છે અર્થાત્ એ દ્રવ્યનું મુલ કરવાને આ જગતની અંદર કોઈ પણ માણસ શક્તિમાન નથી. વિદ્યા એ એક, ભરપૂર સુખનો ભંડાર છે કે જેમાંથી વિચારવંત પુરૂષો પોતાની શક્તિ પ્રમાણે સુખ મેળવી શકે છે.

## હરીગીત છંદ

હે બાળનાં માબાપ સૌ આ, શિખામણ મનમાં ધરો;
બાળક સુધારવા સર્વદા, પુર પ્રેમથી મ્હેનત કરો,
સદ્બુદ્ધિએથી આવશે, દુર સંગતિમાં નહીં જશે,
ભણુવાથકી યશ મેળવી, સંસારમાં સુખિયા થશે. ૧
વિદ્યારથીના ધર્મ એ, વિદ્યા વિશે શોભી રહે;
વિદ્યા વિના આ જગતમાં, ધન્ય ધાન્યનું સુખ શું લહે!
અફસોસ ! આનો આર્થને, બહુ દિલ વિષે થાતો હશે;
ભણુવાથકી યશ મેળવી, સંસારમાં સુખીયા થશે. ૨
આ ગુણ વિલોકી બાળને, વિદ્યા ભણાવો ભાવથી;

પુસ્તક ખરીદો પ્રેમથી, એમાં કશી હાની નથી;
નવરા નરોના મુખ વિષે, શુભ વાણી કયાંથી આવશે,
ભણુવાથકી યશ મેળવી, સંસારમાં સુખિયા થશે. ૩
આ વાત રાખી હૃદયમાં, ધનથી તમે તન મન કસો,
બહુ મેળવીને વિદ્વત્તા, સત્સંગમાં નિત્યે વસો;
વૃદ્ધિ કરો વિદ્યાતણી, કુળવાન ફળને ચાખશે;
ભણુવાથકી યશ મેળવી, સંસારમાં સુખીયા થશે. ૪

૧. છોકરાંનાં શરીરને ખુબ મજબુત બનાવવું; અને તે મજબુતી સારી હવા, પુષ્ટિકારક ખોરાક, કસરત અને સુઘડતાઇમાં રહેલી છે.

૨ હવે નાનપણુથીજ બાળકો હમેશાં સત્સંગમાં રહે એવો બોધ કરવો; કે જેથી કરીને મોટપણે દુર્ગુણથી દૂર રહી સદ્દગુણાશ્રયથી સુખ ભોગવે.

૩ માબાપે નાનપણુથી છોકરાંને પોતે અથવા કોઇ સદ્દગુણી અને સુશીળ માણુસ રાખી સદ્બોધનો પ્રહાર કરવો; વળી ખુબ યાદ રાખવું ઘટેછે કે નઠારાં છોકરાંની સોબત કરવા દેવી નહીં; કારણુ કે તેથી તેના મનમાં નઠારી અસર લાગે છે; તે કેમે કરી નીકળવા પામતી નથી, માટેજ નાનપણુથી સારી સોબતમાં મન લગાડવું. કેમકે "સોબત તેવી અસર"

૪ કેટલાંક બેદરકારી માબાપો પોતાનાં છોકરાંઓને સુધારવા તરફ કંઇ પણુ લક્ષ આપતાં નથી પણુ તેઓ ફક્ત ગારકુટ કરી નિશાળે મોકલવામાંજ સમજેછે; તેથી છોકરાં નિશાળે નહીં જતાં રખડવા ચઢી જાય છે; તેથી